Panama
PETROCHEM LTD.

**Corporate Office & Communication Address:**
40I Aza House, 24, Turner Road, Bandra (W), Mumbai 400 050. Website: www.panamapetro.com
Phone : 9I-22-42I77777 I Fax : 9I-22-42I77788 I E-mail : ho@panamapetro.com
CIN No. L23209GJI982PLC005062

**July 27, 2020**

| | |
|---|---|
| To,<br>The Manager- CRD<br>Bombay Stock Exchange Limited<br>Pjiroze Jeejeebhoy Towers,<br>Mumbai 400 001<br>Scrip Code: **524820** | To,<br>The Listing Head<br>National Stock Exchange of India Limited,<br>Bandra-Kurla Complex<br>Bandra (E) ,Mumbai-400 051<br>Scrip Symbol :**PANAMAPET** |

Dear Sir/Madam,

**Sub: Notice of Board Meeting – Advertisement**

In continuation to our letter dated July 23, 2020 with regard to Board Meeting Notice, please find enclosed a copy of the advertisement published on July 24, 2020 in English and regional (Gujarati) newspapers.

This is for your information and records.

Thanking You,

Yours faithfully,

For **PANAMA PETROCHEM LIMITED**

Gayatri

**Gayatri Sharma**

**Company Secretary & Compliance Office**

# પશ્ચિમ રેલ્વેની ૪૧૨ પાર્સલ વિશેષ ટ્રેનો દ્વારા ૩૬૫૨ ટન દવાઓ અને ચિકિત્સા સામગ્રીનું પરિવહન








અમદાવાદ, પશ્ચિમ રેલ્વેએ તેની પાર્સલ સ્પેશિયલ ટ્રેનો તેમજ માલગાડીઓ દ્વારા દેશના વિવિધ ભાગોમાં આવશ્યક ચીજવસ્તુઓને પરિવહન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પશ્ચિમ રેલ્વે પણ તબીબી જરૂરિયાતોવાળા લોકો માટે સહાયક સાબિત થઈ રહ્યું છે, કારણ કે કોવિડ -૧૯ ના પગલે, જ્યારે પરિવહનના અન્ય પ્રકારોને પ્રતિબંધિત કરવામાં આવ્યા છે, તબીબી આવશ્યકતાઓને પૂરી કરવી અત્યંત મુશ્કેલ હતી. જેમ કે, પશ્ચિમ રેલ્વે દ્વારા ૨૩ માર્ચ ૨૦૨૦ થી ૨૦ જુલાઈ ૨૦૨૦ સુધીમાં ૩૬૦૦ ટનથી વધુ દવાઓ અને તબીબી પુરવઠો પરિવહન કરવામાં આવ્યાં છે, કારણ કે પશ્ચિમ રેલ્વે હંમેશાં તેના કર્તવ્યો અને તેના ગ્રાહકોની જરૂરિયાતો માટે પ્રતિબદ્ધ છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિતઠાકુર દ્વારા જારી કરાયેલ એક અખબારી યાદી મુજબ પશ્ચિમ રેલ્વેએ ખાસ કરીને તેની પાર્સલ સ્પેશિયલ ટ્રેનો દ્વારા સંકટ સમયે દવાઓ અને તબીબી ઉપકરણોની સતત સપ્લાય કરીને સર્વોચ્ચ માનવ મૂલ્યો રજૂ કર્યા હતા. છે. આ જ ક્રમમાં પશ્ચિમ રેલ્વે દ્વારા દેશના વિવિધ ભાગોમાં ૨૩ માર્ચ ૨૦૨૦ થી ૨૦ જુલાઈ ૨૦૨૦ સુધીમાં લગભગ ૩૬૫૨.૩૫ ટન દવાઓ અને તબીબી ચીજોની ડિલિવરી કરવામાં આવી છે, જેના પરિણામે રૂ. ૧૬૦ લાખની આવક થઈ છે. ૧૫૬૫.૭૫ ટન વજનની દવાઓ રૂ. ૭૬ લાખની આવક સાથે પરિવહન કરવામાં આવી હતી અને ૨૦૮૬ ટન વજનની તબીબી વસ્તુઓ જેમ કે માસ્ક, સેનિટાઇઝર, પી.પી.ઈ. કીટ્સ, ગ્લોવ્સ, સર્જિકલ વસ્તુઓ વગેરે પરિવહન કરવામાં આવ્યું હતું, પરિણામે રૂ. ૮૪ લાખની આવક થઈ હતી. તેમણે કહ્યું કે ૨૩ માર્ચથી ૨૦ જુલાઈ, ૨૦૨૦ સુધીના કોરોના રોગચાળાની ખરાબ અસરો હોવા છતાં, ૮૧ હજાર ટનથી વધુ વજનવાળામાલના ૪૧૨ પાર્સલ ટ્રેનો દ્વારા કૃષિ પેદાશો, દવાઓ, માછલી, દૂધ સહિતન પરિવહન કરવામાં આવ્યું આ પરિવહન દ્વારા આવક આશરે ૨૫.૫૨ કરોડ રૂપિયા થઈ છે. આ સમયગાળા દરમિયાન, પશ્ચિમ રેલ્વે દ્વારા ૬૧ દૂધની વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી હતી, જેમાં લગભગ ૪૬ હજાર ટનનો ભાર અને વેગનના ૧૦૦% ઉપયોગથી લગભગ ૭.૯૩ કરોડની આવક થઈ છે. તેવી જ રીતે, લગભગ ૩૦ હજાર ટન જેટલા ભારણવાળી ૩૩૯ કોવિડ - ૧૯ વિશેષ પાર્સલ ટ્રેનો વિવિધ આવશ્યક ચીજવસ્તુઓના પરિવહન માટે પરિવહન કરવામાં આવી હતી, જેનાથી ૧૫ કરોડની આવક થઈ છે. આ સિવાય ૫૧૬૮ ટન વજનવાળા ૧૨ ઈન્ડેન્ટેડરેક્સ પણ લગભગ ૧૦૦% ઉપયોગ સાથે ચલાવવામાં આવ્યા હતા, જેનાથી ૨.૫૮ કરોડ થી વધુની આવક થઈ છે.૨૨ માર્ચ થી ૨૦ જુલાઈ ૨૦૨૦ સુધીના લોકડાઉન સમયગાળા દરમિયાન,વેસ્ટર્ન રેલ્વે દ્વારા ૧૯.૭૦ મિલિયન ટન આવશ્યક ચીજવસ્તુઓ સપ્લાય કરવા માટે કુલ ૯૭૧૩માલ ગાડીઓનો ઉપયોગઅન્યરેલવેસાથે કરવામાં આવ્યો હતો.૯૫૨૧ ટ્રેનોને સોંપવામાં આવી હતી અને ૯૫૪૨ ટ્રેનો ને વિવિધ ઈન્ટરચેંજ પોઇન્ટ પર લઈ જવામાં આવી હતી.

# મીલી ભગતને લીધે વિદ્યાર્થી - વાલીઓની વ્યાજબી રજુઆત સાંભળવામાં ન આવી : પ્રદેશ કોંગ્રેસ

અમદાવાદ, કોરોના મહામારીમાં સૌથી વધુ અસરગ્રસ્ત શિક્ષણ વ્યવસ્થા છે. રાજ્યમાં સૌથી પહેલા શૈક્ષણિક સંસ્થાઓનું લોકડાઉન થયું અને સૌથી છેલ્લે શાળા કોલેજો ખુલવાની શક્યતા છે. રાજ્યમાં લોકડાઉનના કારણે ધંધા રોજગાર સંપૂર્ણ બંધ થવાથી સામાન્ય અને મધ્યમવર્ગ સૌથી વધુ આર્થિક સમસ્યાનો સામનો કરી રહ્યું છે. કોંગ્રેસપક્ષ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને મહામહીમ રાજ્યપાલશ્રી સમક્ષ ગુજરાતના વિદ્યાર્થી – વાલીઓના હિતમાં એક સત્રની ફી માફ થાય તે માટે રાજ્ય વ્યાપી રજુઆત કરી. કમનસીબે ભાજપ સરકાર અને ખાનગી શાળાના સંચાલકોની મીલી ભગતને લીધે વિદ્યાર્થી – વાલીઓની વ્યાજબી રજુઆત સાંભળવામાં ન આવી. મોટા ભાગની શાળાઓએ શિક્ષણ કાર્ય ન હોવા છતાં ફી વસુલ કરી લીધી. ત્યારે શાળાઓની ફી બાબતે સરકારે છેલ્લે છેલ્લે જાહેર કરેલા પરિપત્ર અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા અને શિક્ષણવિદ ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સામાન્ય અને મધ્યમવર્ગ આર્થિક હાલાકીનો સામનો કરી રહી છે. લોકડાઉનના પગલે ધંધા રોજગારને મોટી અસર પડી છે. ખાનગી શાળા – કોલેજોને જે ફી ના ધોરણો નક્કી થયા છે તેમાં વીજ બીલ, વહીવટી ખર્ચ, ટ્રાન્સપોર્ટેશન ફી, રમતગમત ફી, એપ્લિકેશન ફી, કોમ્પ્યુટર ફી સહિત વિવિધ પ્રવૃત્તિનો ખર્ચ અને બીજા ખર્ચાઓ ગણતરીમાં લઈને વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલવામાં આવે છે. પણ કોરોના મહામારીમાં શાળા સંચાલકોને સંસ્થાને લોકડાઉન હોવાથી વીજબીલ, વહીવટી ખર્ચ, સહિતના અનેક ખર્ચા થયા જ નથી તેમ છતાં તમામ બાબતોની ફી વિદ્યાર્થી – વાલીઓ પાસેથી વસુલવા માટે કેમ દબાણ કરી રહ્યાં છે ? વિદ્યાર્થી – વાલીઓની વ્યાજબી રજુઆતને ભાજપ સરકારે સાંભળી નહી અનેક ખાનગી શાળાઓના સંચાલકોએ વિદ્યાર્થી – વાલીઓ ઉપર ઓનલાઈન શિક્ષણના નામે તાત્કાલીક ફી ભરવા દબાણ કર્યું. સરકારે ખુદ તેના પરિપત્રમાં સ્વિકાર્યું કે, ખાનગી શાળાના સંચાલકો વિદ્યાર્થી – વાલીઓને દબાણ કરીને ફી વસુલે છે. સરકારે બે મહિના પરિપત્રમાં કેમ સમય લીધો ?સંચાલકોની તરફેણ કરતી ભાજપ સરકાર ક્યારેક ગુજરાતના સામાન્ય અને મધ્યમવર્ગના વાલીઓ માટે વિચારે તે સમયની માંગ છે. ત્યારે ગુજરાતના સામાન્ય અને મધ્યમવર્ગના હિતમાં એક સત્રની ફી માફ કરવામાં આવે તેવી કોંગ્રેસપક્ષની માંગ છે. રાજ્યમાં શિક્ષણ કાર્યરત થયુ નથી, ઓનલાઈન શિક્ષણના નામે ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીઓ – વાલીઓ – શિક્ષકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે. રાજ્ય સરકારે ખાનગી શાળાઓને લુંટવાના પરવાના આપ્યા છે. મોટા ભાગની શાળાઓ એડવાન્સમાં ફી ઉઘરાવી ચુકી છે. સરકાર સમક્ષ સમગ્ર બાબત સ્પષ્ટ હોવા છતાં સરકારે મોટી ફી ઉઘરાવતા સંચાલકોના હિતમાં જાણીજોઈને પરિપત્ર કરવામાં સમય લીધો. સામાન્ય – મધ્યમવર્ગના વિદ્યાર્થી – વાલીઓને માનસિકત્રાસ અને આર્થિક તકલીફો વેઠવી પડી રહી છે તે માટે ભાજપ સરકાર સીધી જવાબદાર છે. ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં રાજ્ય સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે. રાજ્યના શિક્ષણમંત્રીશ્રી વારંવાર કહી ચુક્યા છે કે, શાળા સંચાલકો સાથે વાતચીત થઈ ગઈ છે. નામદાર વડી અદાલતના ચુકાદાને પગલે સરકારને પરિપત્ર કરવાની ફરજ પડી. સરકારની અણઆવડત અને દિશાવિહીન શિક્ષણ વિભાગને કારણે ગુજરાતના વિદ્યાર્થી – વાલીઓ ભોગ બની રહ્યાં છે.

# અમદાવાદ રેલ્વે સ્ટેશન પર સેનેટાઈઝિંગ અને લગેજ રેપિંગ મશીન લગાવાયું






અમદાવાદ, પશ્ચિમ રેલ્વે ના અમદાવાદ સ્ટેશન પર વર્તમાન માં કોવિડ -૧૯ ના સંકર્મણ ને ફેલાતો અટકાવવા માટે મુસાફરોના હિતમાં ઘણાં પગલા લેવામાં આવી રહ્યા છે. આ ક્રમ માં અમદાવાદ રેલવે સ્ટેશન પર ભારતીય રેલ્વે નું પહેલું લગેજ સેનિટાઈઝિંગ અને લગેજ રેપિંગ મશીન મૂકવામાં આવ્યું છે. કોરોના મહામારી ના સમયે ગૃહ મંત્રાયલ અને આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલ ગાઈડલાઈન્સ હેઠળ અમદાવાદ મંડળ દ્વારા અત્યાધુનિક ટેકનોલોજી આધારિત મુસાફરો અને તેમના સામાનને સ્વચ્છ અને જીવાણુ મુક્ત કરવા માટે અમદાવાદ સ્ટેશન પર લગેજ સેનિટાઈઝિંગ અને રેપિંગ મશીન લગાવવામાં આવ્યું છે.


મંડળ રેલ પ્રબંધક શ્રી દિપકકુમાર ઝા એ જણાવ્યું કે આ ટનલ ૩૬૦ ડિગ્રી અલ્ટ્રાવાયોલેટ (ફ) આધારિત કાર્યપ્રણાલી પર કાર્ય કરે.આ દ્વારા કેમિકલ સેનિટાઈઝેશન દ્વારા લગેજ ને થતા નુકસાનની પણ બચી શકાશે.આમાં, સેનિટાઈઝેશન માટે લોંગલાઈફ યુવી લેમ્પ્સનો ઉપયોગ કરવામાં આવે છે. આના માધ્યમથી ટિફિન, ખોરાક, શાકભાજી અને પાણી વગેરે પણ જીવાણુનાશક થઈ શકે છે. ભારતીય રેલ્વેની આ એક અનોખી પહેલ છે. જેની સ્થાપના અમદાવાદ સ્ટેશન પર જે સર્વપ્રથમ અમદાવાદ સ્ટેશન પર કાર્યરત કરવામાં આવી છે.આ મશીન ને ૬૯ જૂ. મીટર જગ્યામાં સ્થાપિત કરવામાં આવ્યો જેનાથી અમદાવાદ મંડળને ૬ લાખ રૂપિયાની આવક પણ થશે. યાત્રીઓ માટે આ સુવિધા સ્વૈચ્છિક આધાર પર ઉપલબ્ધ રહેશે.

# આણંદ, ખેડામાં બજાર સમિતિના કર્મચારીઓ દ્વારા નિયમની અમલવારી સામે રોષ

આણંદ, રાજય સરકાર દ્વારા તાજેતરમાં બજાર ધારામાં ફેરફારના વટ હુકમમાં૨૬ જેટલા ફેરફારો કર્યા છે. જેની અમલવારીથી રાજ્યભરની એપીએમસીના કર્મચારીઓ પોતાના હિતને પ્રતિકૂળ અસરો થશે તેવી ભીતિ સેવી રહ્યા છે. જેના પગલે એપીએમસીના આગેવાનો દ્વારા સરકારને મળી પોતાની માંગણીઓ રજૂ કરવા વિનંતી કરી છે. જોકે સમગ્ર બાબતને બે માસ જેટલો સમય વિતવા આવ્યો છતા સરકાર દ્વારા એપીએમસીના કર્મચારીઓની માંગો બાબતે બેઠક યોજવામાં આવતી નથી. આથી આણંદ, ખેડા જિલ્લાની એપીએમસીના કર્મચારીઓ દ્વારા આજે વિરોધ વ્યકત કરાયો હતો. આગામી ત્રણ દિવસ સુધી કાળી પટ્ટી ધારણ કરીને ફરજ પર હાજર રહીને કર્મચારીઓ વિરોધ નોંધાવશે.છતાંયે સરકાર દ્વારા હકારાત્મક ઉકેલ નહી લવાય તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં થતી કામગીરી માટે જુદા જુદા પ્રકારના સહકારી નિયમો અમલમાં હતા. જોકે મે માસ દરમ્યાન રાજ્ય સરકારે વટહુકમ દ્વારા ૨૬ જેટેલા સુધારા અમલી બનાવ્યા છે. આ સુધારા પૈકી અમુક સુધારા સમિતિના કર્મચારીઓના હિત ઉપર અને બજાર સમિતિઓની આર્થિક સ્થિતી ઉપર પ્રતિકૂળ અસરો સર્જશે તેવી ભીતિને પગલે હવે કર્મચારીઓ દ્વારા વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. નડિયાદ, આણંદ સહિતની એપીએમસીના કર્મચારીઓએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ સુધારાને કર્મચારીઓ આવકારે છે. પરંતુ કેટલાક સુધારાને પગલે કર્મચારીઓ અને એપીએમસીને આર્થિક નુકસાની સહન કરવી પડે તેમ છે.

# માતા- સંતાનનો સંબંધ પ્રેમનું શુદ્ધતમ સ્વરૂપ છેઃ બરખા સેનગુપ્તા



અમદાવાદ, દરેક પળે લાખ્ખો દ્વારા અનભવવામાં આવતી અલગ અલગ ભાવનાઓ જોતી આ દુનિયામાં પ્રેમ એવી ભાવના છે જે એકધારી છે. તેને સંબંધના એકથી વધુ પ્રકારમાં જોવાતો નથી, પછી તે વાલીઓ, સંતાન, ભાઈ- બહેન, પ્રેમીઓ કે મિત્રો વચ્ચે કેમ નહીં હોય, લાગણીઓ તેનાં બધાં સ્વરૂપમાં અસલ હોય છે. જોકે અભિનેત્રી બરખા સેનગુપ્તા માટે માતા અને સંતાન વચ્ચેનો સંબંધ સર્વોપરી છે. તે હંગામા પ્લેના ઓરિજિનલ શો રાત્રિ કે યાત્રીના સેટ્સ પર વિતાવેલા સમયને યાદ કરતાં અમને કહે છે કે તેની વાર્તાનું આ જ તત્ત્વએ તેને પાત્ર સાકાર કરવામાં મદદ કરી છે. નવા પ્રોજેક્ટ રાત્રિ કે યાત્રીમાં રેડ લાઈટ એરિયામાં કામ કરતી માતાની ભૂમિકા ભજવતી બરખા કહે છે, મેં આજ સુધી ભજવેલી ભૂમિકાઓમાં આ સૌથી વધુ પડકારજનક હતી. મારા એપિસોડનું શીર્ષક રૂપાંતરણ છે, જે તમને ભાન કરાવશે કે માતા- સંતાન વચ્ચેના સંબંધો પ્રેમનું સૌથી શુદ્ધ સ્વરૂપ છે અને તેની પાર કશું જ નહીં જઈ શકે. માતા તરીકે પાત્રમાં નવો જીવ પૂરવામાં મને મદદ મળી હતી, જે અન્યથા હું સાકાર કરી શકી નહીં હોત. રાત્રિ કે યાત્રી રેડ લાઈટ એરિયાની પાર્શ્વભૂ સાથેની ૫ નાટકીય અને વિચારપ્રેરક વાર્તાઓ કહેતી વેબ સિરીઝ છે. તેમાં એવાં પાત્રો છે જેઓ જીવનમાં કશું ચાહે છે- પ્રેમ, શારીરિક સુખ, આશ્રય અથવા સમાપ્તિ અને તે માટે તેઓ જીવનમાં પહેલી વાર રેડ લાઈટ એરિયામાં આવે છે અને આખરે અહીં તેમને સૂઝબૂઝ અને શાંતિ મળે છે. આ એક રાત સમાજ અને તેમના પોતાના જીવન પ્રત્યેનો તેમનો દ્દષ્ટિબિંદુ બદલી નાખે છે. અનિલ વી કુમાર દિગ્દર્શિત આ સિરીઝમાં અત્યંત વહાલા સુધીર પાંડે, અંજુ મહેન્દ્રુ, ઈકબાલ ખાન, પરાગ ત્યાગી, અવિનાશ મુખરજી, શાયની દોશી, રેની ધ્યાની, માનસી શ્રીવાસ્તવ, રેહાના પંડિત અને આકાશદીપ અરોરા પણ છે. તેમાં ટેલિવિઝનના લોકપ્રિય કલાકારો પ્યોમરી મહેતા, સુપ્રિયા શુક્લા અને ઈન્દ્રેશ મલિક પણ મુખ્ય ભૂમિકામાં છે. (૧૯-૮)

# જીનિયસ બ્રેઈન એકેડેમી દ્વારા હસ્તલેખન અને ગ્રાફોથેરાપી અભિયાનનું સફળ આયોજન



અમદાવાદ, શ્રી સત્ય સાંઈ વિદ્યા મંદિર, વેજલપુર ખાતે આજે એક પ્રમાણપત્ર સમારોહ યોજાયો હતો.આ કાર્યક્રમે શાળાના બાળકોના સકારાત્મક પ્રયત્નો અને તમામ શિક્ષકોના ઉત્સાહનો સંકેત આપ્યો હતો, જેમણે મહિનાના લાંબા સમય સુધી ચાલતા "અક્ષર થી અસ્તિત્વ" અભિયાનમાં ભાગ લીધો હતો. આ અભિયાનનું આયોજન જીનિયસ બ્રેઈન એકેડેમીની સ્થાપક સુશ્રી સ્વીટી ગોસર અને શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી ઉમા રમન ના માર્ગદર્શન હેઠણ કરવામાં આવ્યું હતું સુશ્રી સ્વીટી ગોસાર જેમણે ગ્રાફોલોજી, ગ્રાફોથેરાપી, હસ્તાક્ષર સુધારણા, મન તાલીમ અને કાઉન્સલિંગ ક્ષેત્રે દાયકાથી વધુનો અનુભવ અને કુશળતા મેળવી છે, એમને જણાવ્યું કે, "અમે સૌ પ્રથમ એસએસએસવીએમના બાળકોને દૈનિક હસ્તાક્ષર અભિયાનમાં ભાગ લેવા માટે પ્રેરણા આપી અને એમને મદદ કરી. હસ્તાક્ષર ક્ષેત્ર માં નબળા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા માટે, એમને નકલ માટે લેખિત સોંપણીઓ આપી. આ પછી પ્રાથમિક વિદ્યાર્થીઓનાં ઓનલાઇન વેબિનાર સત્રોમાં ભાગ લીધા અને નાના ભૂલકાઓ અને એમના વાલીઓ ને ઉચિત માર્ગદર્શન આપ્યા."(૧૯-૮)

# કોરોના તાંડવમાં ગુજરાતમાં નેતાઓ સભામાં વ્યક્ત અને પ્રજા વરઘોડામાં

અમદાવાદ, કોરોના મહામારીમાં સરકારે સભા ન યોજવા આદેશ આપ્યા છે. પરંતુ તેમ છતાં નેતાઓ સભા યોજી રહ્યાં છે. અને લોકો પણ લગ્નનો વરઘોડા કાઢી રહ્યાં છે. વેરાવળમાં વરઘોડાનો વીડિયો વાયરલ થયો છે. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જેના કારણે સામાજિક અંતર તો ન જળવાયું. પરંતુ લોકો માસ્ક વિના પણ જોવા મળ્યા હતા. જેની સામે પોલીસે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો છે. વેરાવળમાં લગ્નમાં વરઘોડો કાઢવો ભારે પડ્યો હતો હાલ કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે લોકો ભેગા થાય એ એકદમ અયોગ્ય છે. લગ્નના વરઘોડાનો વીડિયો વાયરલ થયો હતો. વરઘોડામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સામાજિક અંતર પણ ન જળવાયું એટલું જ નહી પરંતુ લોકો માસ્ક વિનાના દેખાયા હતા. પોલીસે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો હતો. ભાલકા કામનાથ સોસાયટીના બાબુ વધાવી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ વરઘોડો વેરાવળમાં રીગરોડ ખાતે ૧૨મી જુલાઈના રોજ નીકળ્યો હતો. જ્યારે બીજી તરફ નેતાઓ સભાઓ યોજી રહ્યાં છે અને તેમની સામે કોઈપણ કાર્યવાહી થતી નથી. મોરબી અને નવસારીમાં કોંગી કાર્યકરોને આવકારવા ભાજપનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સામાજિક અંતરનો અભાવ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં ભાજપના મોટા નેતાઓ પણ સામેલ હતા. જ્યારે બોટાદમાં પણ કોળી સમાજની બેઠકમાં સરકારના નિયમના ધજાગરા ઉડ્યા છે.

# પાલનપુર નજીક કાર અકસ્માતમાં રાજસ્થાનના પનાં મોત

પાલનપુર, પાલનપુર - આબુ હાઈવે ઉપર ચિત્રાસણી નજીક મંગળવારે મોડી રાત્રે એક કાર ડિવાઈડર ઉપર ચઢી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૫ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી ગઈ હતી. પાલનપુર - આબુ હાઈવે ઉપર ચિત્રાસણી નજીક મંગળવારે વહેલી સવારે સર્જાયેલા અકસ્માતની વિગતો એવી છે કે, રાજસ્થાનના જોધપુર ગામના ૫ વ્યક્તિઓ મંગળવારે સવારે કાર નંબર એમ. એચ. ૪૬. એ. ૧૧૭૨માં મુંબઇ ખાતે ધંધાર્થે નીકળ્યા હતા. તેઓ પાલનપુર નજીક ચિત્રાસણી હાઈવે ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે રાત્રિના ૧૧ કલાકના સુમારે ચાલકે એકા એક સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતાં કાર હાઈવેની ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે, કારના ભુક્કા બોલી ગયા હતા. અને હાઈવે મરણચીસોથી ગુંજી ઉઠ્યો હતો. અકસ્માતની જાણ થતાં નેશનલ હાઈવે ઓથોરિટી, પાલનપુર તાલુકા પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.

**એરોમા એન્ટરપ્રાઈસેસ (ઈન્ડીયા) લીમીટેડ**
રજી. ઓફીસ : ૮૮, અજંતા કોમર્શિયલ સેન્ટર, ઈનકમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯
CIN: L51909GJ1994PLC021482
વેબ.: www.aromaenterprises.in
ઈ-મેઈલ : compliance.mgc@gmail.com, ફોન : +91-79-27540175

**બોર્ડ મીટિંગની નોટીસ**
આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯(૧)(એ) સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૧મીમાર્ચ, ૨૦૨૦ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટર અને વર્ષાંતે ઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ કે જે ૮૮, અજંતા કોમર્સિયલ સેન્ટર, ઈન્કમટેક્સ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯ ખાતે આવેલ છે ત્યાં **૩૧મી જુલાઈ,૨૦૨૦, શુક્રવારે સાંજે ૪.૦૦ કલાકે** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીગ મળનાર છે.

બોર્ડ વતી અને એમના માટે,
સહી/-
શ્રી અબ્દુલકાદીર શોએબ હાજીવાળા
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર
તારીખ : ૨૩.૦૭.૨૦૨૦
સ્થળ : અમદાવાદ

**ઈન્ડિયા ઈન્ફ્રાસ્પેસ લીમીટેડ**
CIN: L45201GJ1995PLC024895
રજીસ્ટર્ડ ઓફિસઃ ૭૦૧, સારપ બિલ્ડિંગ,નવજીવન પ્રેસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૪
ફોનઃ ૦૭૯-૨૭૫૪૪૦૦૩,ફેક્સ : ૦૭૯-૨૭૫૪૩૬૮૧૫,
ઈ-મેઈલઃ investonindiainfraspace@gmail.com

**નોટીસ**
રેગ્યુલેશન ૨૦૧૫ સેબી (લીસ્ટીગ ઓબ્લીગેશન એન્ડ ડીસકલોઝર રીકવાયરમેન્ટ) ના રેગ્યુલેશન ૪૭ સાથે રેગ્યુલેશન ૨૯ વાંચતા તે મુજબ આથી **નોટીસ** આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટરર્સની મીટીંગ **શુક્રવાર ૩૧મી જુલાઈ, ૨૦૨૦**ના રોજ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસે ૩૧મી માર્ચ, ૨૦૨૦ ના રોજ પુરા થતા ક્વાર્ટર અંતે ઓડીટેડ ફાઈનાન્સીયલ પરિણામોની મંજુરી માટે મળનાર છે.
આ માહિતી કંપનીની વેબસાઈટ www.indiainfraspace.com પર અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

ઈન્ડિયા ઈન્ફ્રાસ્પેસ લી. વતી
પ્રદીપ બી. શાહ
મેનેજીંગ ડિરેક્ટર
ડિનઃ ૦૦૨૯૭૧૨૦
તારીખ : ૨૩/૦૭/૨૦૨૦
સ્થળ : અમદાવાદ

**ARYAVAN ENTERPRISE LIMITED**
(Formerly known as Deepti Alloy Steel Limited)
**CIN:** L52100GJ1993PLC018943
**Registered Office:** 308, Shital Varsha Arcade, Opp. Girish Cold Drinks, C. G. Road, Navrangpura, Ahmedabad - 380 009

**NOTICE**
Notice is hereby given as per Regulation 47 of SEBI (LODR) Regulation, 2015 meeting of Board of Directors of **ARYAVAN ENTERPRISE LIMITED** will be held on Friday, 31st July, 2020 at 3:00 P.M. at the registered office of the company for consideration of Audited Financial results for Quarter and Year ended on 31st March, 2020.

For, Aryavan Enterprise Limited
SD/-
Jitendrakumar Malviya
Managing Director
DIN: 08015437
Place : Ahmedabad
Date : 23-07-2020

**Munoth Capital Market Limited**
**Regd. Office :** Shanti Nivas - Office Building, Opp. Shapath V, Nr. Karnavati Club, S.G Road, Ahmedabad - 58 **Board line:** +91-79-26937954
**Email:** munoth@gmail.com **Website :** www.munoth.com

**NOTICE**
Notice is hereby given as per Regulation 47 of SEBI (LODR) Regulation, 2015 meeting of Board of Directors of **Munoth Capital Market Limited** will be held on Thursday, 30th July, 2020 at 4:00 P.M. at the registered office of the company for consideration of Audited Financial results for Quarter and Year ended on 31st March, 2020.

For, Munoth Capital Market Limited
SD/-
Bhagyashree Jasmin Sutaria
Company Secretary
Place : Ahmedabad
Date : 23-07-2020

**પનામા પેટ્રોકેમ લીમીટેડ**
રજી. ઓફિસઃ પ્લોટ નં.૩૩૦૩, જીઆઈડીસી એસ્ટેટ, અંકલેશ્વર,૩૯૩૦૦૨.
કોર્પો.ઓફિસઃ ૪૦૧, અઝા હાઉસ, ૨૪, ટર્નર રોડ, મુંબઈ-૪૦૦ ૦૫૦. વેબસાઈટ : www.panamapetro.com
સીન નં.: L23209GJ1982PLC005062
ફોનઃ ૯૧-૨૨-૪૨૧૭૭૭૭૭,
ઈમેલઃ cs@panamapetro.com

**નોટીસ**
આથી અહી નોટીસ આપવામાં આવે કે સેબી(લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૭ના નિયમ ૨૯ વાંચતા કંપનીએ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ ૫ ઓગસ્ત, ૨૦૨૦ નારોજ ઈન્ટર અલીયામાં ૩૦ જૂન, ૨૦૨૦ના ક્વાર્ટરના અંતે કંપનીના એપ્રૂવ્ડ સ્ટેન્ડલોન અને કન્સોલીડેટેડ અનઓડીટેડ નાણાંકીય પરિણામ ની યોગ્ય ચર્ચા માટે યોજાશે.
આ માહિતી કંપની ની વેબસાઈટ www.panamapetro.com અને સ્ટોક એક્સચેંઝની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ છે.

બોર્ડના હુકમ વતી,
પનામા પેટ્રોકેમ લીમીટેડ
સહી/-
ગાયત્રી શર્મા
કંપની સેક્રટરી
સ્થળ : મુંબઈ
તારીખઃ ૨૩.૦૭.૨૦૨૦

**નોટીસ**
**ફોર્મ નં. આઈએનસી ૨૫એ**
**રીજનલ ડિરેક્ટર, નોર્થ વેસ્ટર્ન રિજન (મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ એફેર્સ)સમક્ષ કંપનીઝ એક્ટ ૨૦૧૩ના સંદર્ભમાં કંપનીઝ એક્ટ ૨૦૧૩ની કલમ ૧૪ અને કંપનીઝ (ઈનકોર્પોરેશન) નિયમ, ૨૦૧૪ અને અધિનિયમ ૪૧ અનુસાર**
**અને**
**લાઈવ વાયર સોફ્ટવેયર્સ લીમીટેડ** ( CIN: U72200GJ1995LC027248)**ની રજિસ્ટર્ડ ઓફીસ એટ્ ,૬૧૧-૧૨, એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ, રિંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨, અરજદાર**

આથી જાહેર જનતા ને નોટિસ આપવામાં આવે છે કે આ કંપની, કંપનીઝ એક્ટ , ૨૦૧૩ ના કલમ ૧૪ હેઠળ અને તેને ઉપરોક્ત નિયમો સાથે વંચાણે લેતા , કેન્દ્ર સરકાર ને અરજી કરવા માંગે છે તથા તા.૨૨મી, જુલાઈ ૨૦૨૦ ના રોજ યોજાયેલ કંપનીની એક્સ્ટ્રા ઓર્ડીનરી જનરલ મીટિંગમાં કંપનીના પરીવર્તન માટે મંજુર કરવામાં આવેલ ખાસ ઠરાવ ના આધારે તેને પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં પરિવર્તિત કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે.

કોઈ પણ વ્યક્તિ જેને કંપનીના આ પરિવર્તન/સ્ટેટ્સને કારણે અસર થાય એમ હોય , તેઓ પોતાની વાંધા અરજી તેના હિતને થયેલા નુકસાન ના આધારે વાંધો હોવાની સોગંધનામુ સાથે કંપનીને અથવા કારણજનક રૂપે અથવા રજિસ્ટર્ડ પોસ્ટથી તેના વાંધાના આધારે સંબંધિત **રીજનલ ડિરેક્ટર આરઓસી ભવન રૂપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩**, ગુજરાત ખાતે આ નોટિસ પ્રકાશિત થયાના ચૌદ દિવસની અંદર અને અરજીકર્તા કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસ ખાતે જે નીચેના સરનામે આવેલ છે, તેને નોટિસની કોપી સાથે મોકલી શકે છેઃ
**૬૧૧-૧૨, એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ, રિંગ રોડ, સુરત- ૩૯૫૦૦૨**

અરજદાર લાઈવ વાયર સોફ્ટવેયર્સ લીમીટેડ
ના પક્ષમાં અને તેમના વતી
સહી/-
સુનીલકુમાર શશીકાંત ઝા
ડાયરેક્ટર
ડિન : ૦૦૪૫૩૫૯૫
તારીખ : ૨૪.૦૭.૨૦૨૦
સ્થળ : સુરત